બિશ્નોઈ ગેંગના ગોડાઉનમાં એસએમસીનો દરોડો : વડોદરા પોલીસ ઉંઘતી ઝડપાઈ

પંચાયતની ચૂંટણી ટાણે દારૂનું ગોડાઉન ઝડપાયું : ૨.૬૯ કરોડનો મુદ્દામાલ જપ્ત

વિદેશી દારૂની ૧,૨૬,૫૫૨ બોટલો તેમજ વાહનો જપ્ત કરાયા : દારૂની બોટલ ગણવામાં કલાકો લાગ્યા

વડોદરા, તા.૧૬

રાજયમાં આગામી દિવસોમાં યોજાનારી ગ્રામ પંચાયતની ચુંટણી ટાણે વડોદરા જિલ્લામાં વિદેશી દારૂની રેલમછેલ થાય તે અગાઉ જ સ્ટેટ મોનિટરીંગ સેલે આજે સવારે શહેરના છેવાડે દશરથમાં આવેલા નામચીન બિશ્નોઈ ગેંગના ગોડાઉન પર દરોડો પાડ્યો હતો. કન્ટેરમાંથી ગોડાઉનમાં વિદેશી દારૂના કટીંગ વખતે જ એસએમસીની ટીમે પાડેલા દરોડામાં ૨.૪૪ કરોડનો અધધ કહેવાય તેટલો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા શહેર-જિલ્લા પોલીસનું નાક વધુ એક વાર કપાયું છે. એસએમસીની ટીમે દારૂના જથ્થા સાથે બિશ્નોઈ ગેંગના ચારને ઝડપી પાડી મુખ્ય સુત્રધાર સહિત પાંચને વોન્ટેડ જાહેર કર્યા છે.

શહેરના છેવાડે દશરથમાં બ્લોક ૧૮૩માં આવેલા બાલાજી ટ્રેડર્સ નામનું ગોડાઉન બિશ્નોઈ ગેંગ દ્વારા ભાડે રાખી તેમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવવામાં આવતો હતો. આજે સવારે આ ગોડાઉનમાં વિદેશી દારૂનો જથ્થો ખાલી કરવા માટે રાજસ્થાન આરટીઓ પાસીંગનું એક બંધ બોડીનું કન્ટેનર આવ્યું હોવાની જાણ થતાં જ સ્ટેટ મોનિટરીંગ સેલના પીઆઈ બી. એચ.રાઠોડ અને પીઆઈ એ.વી. પટેલ સહિતના સ્ટાફે દારૂના કંટીંગ વખતે જ ગોડાઉન પર દરોડો પાડ્યો હતો. આ દરોડામાં ઝડપાયેલા ચાર આરોપીઓની પોલીસે ધરપકડ કરી તેઓની પાસેથી વિદેશી દારૂની અઢી હજાર જેટલી પેટીઓમાંથી રૂપિયા ૨,૪૪,૨૪,૫૩૬ની કિંમતના ૧૮૦ મિ.લી.ના કુલ ૧,૨૬,૫૫૨ ક્વાટરિયા કબજે કર્યા હતા. વિદેશી દારૂનો આ જંગી જથ્થો ગણતા ગણતાં પોલીસને આખો દિવસ પુરો થયો હતો જેને કારણે મોડી સાંજ બાદ આ દરોડાની વિગતો અંગે માધ્યમોને જાણ કરાઈ હતી. એસએમસીની ટીમે દરોડા દરમિયાન જપ્ત કરેલો વિદેશી દારૂનો જંગી જથ્થો તેમજ એક કન્ટેનર અને ચાર મોબાઈલ ફોન સહિત કુલ ૨,૬૯,૫૦,૭૮૬ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ દરોડાની છાણી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી એસએમસીની ટીમે મુદ્દામાલ સાથે ચાર આરોપીઓ છાણી પોલીસને સોંપતા પોલીસે ચારેય આરોપીઓને કોર્ટમાં રજુ કરી તેઓના આઠ દિવસના રિમાન્ડ મેળવ્યા હોવાની વિગતો સાંપડી છે.

૪ની ધરપકડ, સૂત્રધાર રાજુરામ બિશ્નોઈ સહિત ૫ વોન્ટેડ

પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપાયેલા મોંગીલાલ બાબુરામ બિશ્નોઈ (જડેશ્વરનગર, બાડમેર, રાજસ્થાન), કમલેશ માધારામ બેનીવાલ (કરવાડા ,ઝાલોર રાજસ્થાન) , અશોક ઉર્ફ અનિલ પપ્પુરામ બિશ્નોઈ (ખારા બિશ્નોઈની ધાની, બાડમેર,રાજસ્થાન) અને પ્રવિણ પુનમરામ બિશ્નોઈ (કરવાડા, ઝાલોર રાજસ્થાન)ની દરોડામાં ધરપકડ કરી હતી. પ્રાથમિક તપાસમાં આ દારૂના કૌભાંડમાં જોધપુરના સાલોરીમાં રહેતો રાજુરામ દિપારામ બિશ્નોઈ મુખ્ય સુત્રધાર હોઈ તેને તેમજ સાંચોરના દિનેશ બિશ્નોઈ, કન્ટેનરનો ડ્રાઈવર, કન્ટેનરનો માલિક અને દારૂનો જથ્થો મોકલનાર સહિત પાંચને એસએમસીએ વોન્ટેડ જાહેર કર્યા હતા.

વડોદરા શહેર પોલીસનું વધુ એક વાર નાક કપાયું

રાજયમાં આગામી ૨ ૨મી જુને ગ્રામ પંચાયતની ચુંટણી યોજાવવાની છે જેને ધ્યાનમાં રાખીને ગ્રામ્ય વિસ્તારના શોખીન મતદારોને રિઝવવા માટે આ દારૂનો જથ્થો અત્રે મંગાવવામાં આવ્યો હોવાની સંભાવના છે. દશરથ ખાતેનું ગોડાઉન છાણી પોલીસ મથકની હદમાં આવે છે અને અન્ય પ્રાંતમાંથી આ દારૂનો જથ્થો અત્રે ઠલવાયો હતો પરંતું તેમ છતાં શહેરના છાણી પોલીસ, ડીસીબી, પીસીબી, એસઓજી કે ડીસીપી ઝોનની એલસીબીની ટીમોને આ દારૂનો જથ્થો કે ગોડાઉન અંગે કોઈ જ માહિતી નહી મળતાં શહેર પોલીસ વધુ એક વાર ઉંઘતી ઝડપાઈ છે અને એસએમસીએ બે કરોડથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી શહેર પોલીસનું વધુ એક વાર નાક કાપ્યું છે.

થોડા દિવસો પૂર્વ બાળકીના મોત બાદ કોર્પોરેશનનું તંત્ર જાગ્યુ !

કમાટીબાગમાં જોય ટ્રેનના ટ્રેકની આસપાસ કેટલાક સ્થળે ગ્રીલ લગાવી

વડોદરા, તા.૧૬

વડોદરા શહેરના કમાટીબાગ ખાતે જોય ટ્રેનના ટ્રેકની આસપાસ તંત્ર દ્વારા સાવચેતીના પગલા રૂપે આખરે ગ્રીલ લગાડવાની કામગીરી હાથ ધરવામાં આવશે. હાલ કેટલાક સ્થળે પ્રાયોગીક ધોરણે ગ્રીલ લગાડવામાં આવી છે.આ સંદર્ભે જોય ટ્રેનનું સંચાલન કરનાર ખોડલ કોર્પોરેશન દ્વારા ફેન્સીંગ કરવામાં આવનાર છે. ત્યારે ગ્રીલની ડિઝાઈન પાલિકા દ્વારા મંગાવાઈ છે. અને ડિઝાઈન ફાઈનલ થયાં બાદ બગીચામાં મહત્તમ લોકો ટ્રેક ક્રોસ કરે છે. ત્યાં ગ્રીલ લગાડવાની કામગીરી કરવામાં આવશે તેમ જાણવા મળે છે.

તાજેતરમાં જ કરજણની એક બાળકીનું જોય ટ્રેનની અડફેટે મોત થયા બાદ સેફટી પ્રત્યે અનેક સવાલો ઊભા થયા હતા. પાલિકા તંત્ર આખરે જાગ્યું હતું અને આ ટ્રેનના ટ્રેકની આસપાસ ખુલ્લી જગ્યાએ લોખંડની ગ્રીન લગાવવાનું કામ શરૂ કરાયું છે. ટ્રેનની અડફેટે બાળકીનું મોત નીપજવાની ઘટના બાદ જોય ટ્રેન બંધ કરવામાં આવી છે. ત્યારે આવી ઘટના બને નહી તે માટે ન બને તે માટે ગ્રીલ લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

જોકે, હાલ પ્રાયોગીક ધોરણે ગ્રીલ લગાડવામાં આવી છે. ડિઝાઈન ફાઈનલ થયાં બાદ ટ્રેકની આસપાસ જ્યાં જરૂર જણાશે ત્યાં ગ્રીલ લગાડવામાં આવશે તેમ જાણવા મળે છે. કમાટી બાગ ખાતે મોટી સંખ્યામાં સહેલાણીઓ બાળકો સાથે ફરવા માટે આવે છે. ત્યારે આ જોય ટ્રેન જ્યાંથી પસાર થાય છે ત્યાં ખુલ્લી જગ્યાએ તંત્ર દ્વારા ગ્રીલ લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

જનસેવા કેન્દ્ર અને મામલતદાર કચેરીમાં તમામ કામગીરી ખોરવાઇ

શહેરમાં જીસ્વાન નેટ કનેક્ટિવિટી ખોરવાઇ, હજારો નાગરિકોને હાલાકી

વડોદરા, તા.૧૬

વડોદરા શહેરમાં આજે સવારના સમયે જીસ્વાન નેટ જીસ્વાન નેટ કનેક્ટિવિટી ખોરવાઇ હતી. સર્વરમાં ખામી હોવાના કારણે શહેરના હજારો નાગરિકો ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જીસ્વાન કનેક્ટિવિટી ખોરવાઇ જતાં શહેરના તમામ જનસેવા કેન્દ્ર તેમજ મામલતદાર કચેરીમાં સામાન્ય સેવાઓ ખોરવાઇ ગઈ હતી.

વડોદરા શહેરમાં જીસ્વાન સેવ ઠપ થતાં આજે અંદાજે ચાર કલાક જેટલો સમય તમામ મામલતદાર કચેરી તેમજ જનસેવા કેન્દ્ર ખાતે કામગીરી બધ થઈ ગઈ હતી. અજરદારો વહેલી સવારથી લાઇનમાં ઊભા હતા, પરંતુ સર્વરમાં ખામી હોવાના કારણે ઓપરેટર કોઈ જ કામગીરી કરી શક્યા ન હતા. જેમાં મામલતદાર કચેરી ખાતે વિધવા સહાય સહિતની કામગીરી અટવાઈ પડી હતી. તો જનસેવા કેન્દ્ર ખાતે આવકનો દાખલો, જાતિનો દાખલો, ડોમિસાઈલ અને નોન ક્રિમિલિયર સર્ટિફિકેટ, આધાર કાર્ડ તેમજ રેશન કાર્ડની તમામ કામગીરી અટવાઈ ગઈ હતી.

શહેરના ચારથી વધુ જનસેવા કેન્દ્ર તેમજ ચાર મામલતદાર કચેરીમાં જીસ્વાન કનેક્ટિવિટી ખોરવાઇ જતાં હજારો નાગરિકો મુશ્કેલીમાં મુકાઇ ગયા હતા. બીજી તરફ સર્વર બંધ હોવાના કારણે અરજદારોને ધક્કા ખાવા પડ્યા હતા. જોકે, બપોર બાદ કનેક્ટિવિટી શરૂ થઈ હતી. પરંતુ તેમાં પણ મુશ્કેલી આવી રહી હતી. જેના પગલે અરજદારોને હાલાકી ભોગવવી પડી હતી.

આરટીઓના ૫૦૦ ટેસ્ટ રદ કરવામાં આવ્યા

જીસ્વાન કનેક્ટિવિટી ખોરવાઇ જતાં આરટીઓના ટેસ્ટ ટ્રેક બંધ થઈ ગયા હતા. જેના પગલે અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આરટીઓમ તો જીસ્વાન કનેક્ટિવિટી શુક્રવારે પણ ખોરવાઇ હતી. જ્યારે આજે પણ કનેક્ટિવિટી ખોરવતા સવારથી ટેસ્ટ ટ્રેક બંધ રહ્યો હતો. જેના કારણે શુક્રવાર અને સોમવારે મળી ૫૦૦થી વધુ અરજદારોના ટેસ્ટ અપોઈન્ટમેન્ટ રીશીડ્યુલ કરવામાં આવ્યા હતા. વડોદરા આરટીઓ દ્વારા ટેસ્ટ માટે ટુ-વ્હીલર માટે ૨૭૦ અને ફોર વ્હીલર માટે ૧૮૦ સ્લોટ બુકિંગ માટે ઓપન કરવામાં આવે છે. જેની સામે શુક્રવાર અને આજના મળી ૫૨૦થી વધુ એપોઈન્ટમેન્ટ રીશીડ્યુલ કરાઈ હતી.

બરોડા પાઠશાળા સંગઠન દ્વારા જૈન મેગા અંતાક્ષરીનું આયોજન

વડોદરા, તા.૧૬

બાળકો વેકેશનના સમયમાં જ્યારે રમતગમતમાં સમય વ્યતિત કરતા હોય ત્યારે આવા સમયમાં બાળકોએ ૨-૨ મહિના સુધી જૈન સ્તવન, થોય, પ્રાચીન સ્તવન વગેરે મોઢે કર્યુ અને એના ઉપર એકથી એક મુશ્કેલ રાઉન્ડ સાથે જૈન મેગા અંતાક્ષરીનું આયોજન કરાયું હતું. જેમાં લગભગ ૪૦૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં કુલ રૂા. ૧.૨૫ લાખથી વધુના ઇનામ એનાયત કરાયા હતા.ગેમના માધ્યમે ભક્તયોગ મજબુત થાય એ હેતુથી આ આયોજનમાં બરોડાની તમામ પાઠશાળાના શિક્ષકો તથા વાલીઓએ પણ બાળકોને પ્રેક્ટિસ કરાવી હતી. બરોડા પાઠશાળા સંગઠન સમગ્ર વર્ષ દરમ્યાન એક કોમન સિલેબ્સ દ્વારા બાળકોને સંસ્કારસિંચન ની વિવિધ પ્રવૃતિ કરાવે છે.મેગા અંતાક્ષરી અકોટા ખાતે શ્રી અલકાપુરી જૈન સંઘમાં ૬થી ૧૧ વર્ષના નાના નાના ભૂલકાઓ માટે યોજાઈ હતી. જેમાં સમગ્ર બરોડાના ટ્રસ્ટીઓ, લાભાર્થી પરિવારો, મુરબ્બીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમા પ્રથમ અને દ્વિતીય નંબર અલકાપુરી જૈન સંઘની પાઠશાળાના બાળકોએ મેળવ્યો હતો. જ્યારે ત્રીજો નંબર માંજલપુરની પાઠશાળાને મળ્યો હતો.ઉલ્લેખનીય છે કે, તા. ૨૨મી જૂનના રોજ રવિવારે મોટા બાળકોની મેગા અંતાક્ષરીનો અંતિમ રાઉન્ડ યોજાશે. શ્રી સૌરાષ્ટ્ર જૈન ભવન ખાતે ગ્રાન્ડ ફિનાલે સાંજે ૬.૩૦ કલાકે યોજાશે.

પશ્ચિમ રેલવે
ભાવનગર ડિવિઝન

ફર્મવેર અપગ્રેડેશન

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી ડિવિઝનલ રેલવે મેનેજર (TRD) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર નંબર: 01-TRDBVP-2025-26-R.કામનું નામ:** કામનું નામ: RDSO સ્પષ્ટીકરણ નંબર TI/SPC/RCC/SCADA/0134 મુજબ ભાવનગર ડિવિઝનના સુરેન્દ્રનગર ગેટ - પીપાવાવ, ઢસા જંકશન - વાવડી અને કાનાલુસ - પોરબંદર, ધોળા જંકશન - ભાવનગર પરા, સિહોર જંકશન - પાલિતાણા, રાજુલા જંકશન - મહુવા, રાજકોટ - સોમનાથ અને જેતલસર જંકશન - વાંસજાળીયા વિભાગો માટે TSS/SP/SSP RTU માં ફર્મવેર અપગ્રેડેશન અને SCADA સિસ્ટમમાં સાયબર સુરક્ષાનો અમલ **ટેન્ડર રકમ:** રૂ. 2, 66, 53, 110/- **ટેન્ડર ફી:** શૂન્ય **EMD રકમ:** રૂ. 2, 83, 300/- **સરનામું:** DRM (ટ્રેકશન) BVP, DRM ઓફિસ, ભાવનગર પરા-364003. બિડરોએ ફક્ત **www.ireps.gov.in** લિંક દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને **વેબસાઇટ www.ireps.gov.in** ની મુલાકાત લો. ઉપરોક્ત ટેન્ડરો માટે ઑનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ 07.07.2025 ના 15:00 કલાક સુધી રહેશે. 053

અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે
વડોદરા ડિવિઝન

દરવાજા બ્લોક કરવા/દરવાજાની ઊંચાઈમાં ઘટાડો

ઈ-ટેન્ડર સૂચના નંબર: - M137_MECH_PRTN_TEND_25_5R ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી, ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ અને વેગન રિપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, નીચે આપેલ વિગતો મુજબ ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે: **1) ટેન્ડર સૂચના નંબર:** M137_MECH_PRTN_TEND_25_5R **2) કામનું નામ:** PRTN W/s પર BOXN વેગનના તમામ પ્રકારોના દરવાજા બ્લોક કરવા/દરવાજાની ઊંચાઈમાં ઘટાડો. **3) કામની અંદાજિત કિંમત:** રૂ.25,46,848/- (રૂપિયા પચીસ લાખ છેતાલીસ હજાર આઠસો અડતાલીસ માત્ર). **4) અર્નેસ્ટ મની ડિપોઝિટ:** રૂ.51,000/- (રૂપિયા એકાવન હજાર માત્ર) **5) ટેન્ડર દસ્તાવેજની કિંમત:** NIL **6) કરારની અવધિ:** 24 મહિના **7) ઓફરની માન્યતા:** 90 દિવસ. **8) ટેન્ડર સબમિટ કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** બિડિંગ 07-07-2025 ના રોજ 15:00 કલાકે બંધ થશે. અને તે જ દિવસે 15:30 કલાકે ખોલવામાં આવશે. 064

અમને લાઇક કરો: facebook.com/WesternRly

એસ્પેનપાર્ક ઈન્ફ્રા વડોદરા પ્રાઈવેટ લિમિટેડ
સર્વે નં ૨૬, ગામ : પીપળીયા, તાલુકો : વાઘોડીયા જિલ્લો : વડોદરા-૩૯૧૭૬૦
જાહેર નોટીસ

એસ્પેનપાર્ક ઈન્ફ્રા વડોદરા પ્રાઈવેટ લિમિટેડ ના વર્ષ ૨૦૨૩-૨૪ માટે આર.પી.ઓ. પાલનમાં રાહત અને પીપિટિશનર ને ૨૦૨૩-૨૦૨૪ સુધી આરપીઓ ના જવાબદારી માંથી મુક્તિ આપાવી તેના વિતરણ કારોબાર (વડોદરા એસઈઝેડ ખાતે) તે માટેની અરજી પરના વાંધા/સૂચનો (અરજી નં. ૨૩૮૮-૨૦૨૪)

૧. અરજદાર, એસ્પેનપાર્ક ઈન્ફ્રા વડોદરા પ્રાઈવેટ લિમીટેડ ગામ : પીપળીયા અને અલવા, તાલુકો : વાઘોડીયા, જિલ્લો : વડોદરા, ગુજરાત રાજયમાં એસઈઝેડ કાયદો, ૨૦૦૫ની કલમ ૩ હેઠળ (૨૦૦૫ ની ૨૮) ખાતે મલ્ટી સેક્ટર આધારિત ખાસ આર્થિક ક્ષેત્રે (SEZ) ની સ્થાપના કરવામાં આવી છે.
૨. કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી મંત્રાલય અનુસાર (કોમર્સ વિભાગ) ૩ માર્ચ, ૨૦૧૦ ના જાહેરનામા અને વીજળી ધારો (૨૦૦૩ ઈ.એ)ની જોગવાઈઓ હેઠળ અને માનનીય કમિશનના ૧૬ ડિસેમ્બર, ૨૦૦૯ ના આદેશ કે જે વિતરણ પરવાનાની મંજૂરી બાબતે હતો. એસ્પેનપાર્ક ઈન્ફ્રા પ્રાઈવેટ લિમીટેડને વડોદરા ખાતે તેના સેઝ વિસ્તારમાં વિતરણ પરવાનેદાર માનવામાં આવે છે.
૩. જીઈઆરસી (નવીનીકરણીય સ્ત્રોતો માંથી ઉર્જા પ્રાપ્તિ) રેગ્યુલેશન ૨૦૧૦ અને તેના (ત્રીજો સુધારો) નિયમન ૨૦૨૨ રિન્યુએબલ પાવર પરચેઝ ઓબ્લિગેશન વર્ષ ૨૦૨૩-૨૪ માં સુધારા, હેઠળ એસ્પેનપાર્ક ઈન્ફ્રા વડોદરા પ્રાઈવેટ લિમીટેડ તેના વિતરણ કારોબાર (વડોદરા એસઈઝેડ ખાતે) માટે ૨૦૨૩-૨૪ ના આર.પી.ઓ પાલનમાં રાહત અને પીટિશનરને ૨૦૨૩-૨૪ આરપીઓના જવાબદારી માંથી મુક્તિ આપવા માટેની અરજી દાખલ કરી છે.એ ધ્યાનમાં લેતા કે વર્ષ ૨૦૨૨-૨૩ની જેમ અરજદાર એમજીવીસીએલ પાસેથી સંપૂર્ણ વીજ આવશ્યકતાઓ મેળવે છે અને ભવિષ્ય માટેના કિસ્સામાં રાખ્યું છે. તેથી અરજદારનો ઉર્જા વપરાશ MGVCL ના RPO જવાબદારીમાં સમાવેશ થાય છે.
૪. માનનીય આયોગે ૧૧ જૂન ૨૦૨૫ના રોજના તેના દૈનિક આદેશ દ્વારા એસ્પેનપાર્ક ઈન્ફ્રા વડોદરા પ્રાઈવેટ લિમીટેડને હિસ્સેદારો / વિરોધીઓની ટીપ્પણીઓ આમંત્રિત કરતી જાહેર સૂચના પ્રકાશીત કરવા નિર્દેશ આપ્યો હતો.
૫ નીચે જણાવેલ દસ્તાવેજ ની નકલ એસ્પેનપાર્ક ઈન્ફ્રા વડોદરા પ્રાઈવેટ લિમિટેડ, સર્વે નં. ૨૬, ગામ પીપળીયા, તાલુકો વાઘોડીયા, જિલ્લો : વડોદરા-૩૯૧૭૬૦ ખાતેથી લેખિત વિનંતી આપવાથી મેળવી શકાશે.
● એસ્પેનપાર્ક ઈન્ફ્રા વડોદરા પ્રાઈવેટ લિમિટેડ પિટીશન અને સંબંધિત દસ્તાવેજો(અંગ્રેજીમાં)
૬ પંચે એસ્પેનપાર્ક ઈન્ફ્રા વડોદરા પ્રાઈવેટ લિમિટેડ ને આ નોટીસ મારફતે ઉપરોકત અરજી પર જાહેર જનતા પાસેથી વાંધાઓ અને ટિપ્પણીઓ/સુચનો મંગાવવા માટે આદેશ આપ્યો છે. સુચનો અથવા ટિપ્પણીઓ સચિવ, ગુજરાત વીજ નિયમન પંચ, ૬ ઠ્ઠો માળ,ગીફ્ટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫, ગુજરાત (Fax: +૯૧-૭૯-૨૩૬૦ ૨૦૫૪/૫૫, Email : gerc@gercin.org) ને બુધવાર, ૧૬ જુલાઈ, ૨૦૨૫ ના રોજ અથવા તે પહેલાં પાંચ નકલોમાં એફીડેવીટ સાથે તેમની રજૂઆતના સમર્થનમાં અરજદારને એક નકલ સાથે અટલે કે એસ્પેનપાર્ક ઈન્ફ્રા વડોદરા પ્રાઈવેટ લિમિટેડ ને સુપ્રત કરવા.
૭ પ્રત્યેક વ્યકિત કે જે વાંધાઓ અને ટિપ્પણીઓ સુપ્રત કરવાનો ઈરાદો ધરાવતા હોય તેઓ સમાન બાબત ઈંગ્લીશમાં અથવા ગુજરાતીમાં પાંચ નકલોમાં સુપરત કરી શકે છે અને તેમાં મોકલનારનું પૂરું નામ, પોસ્ટલ સરનામુ અને ઈ-મેઈલ એડ્રેસ, જો હોય તો, હોવા જોઈએ.
૮ વિગતવાર અરજી અને તમામ સંબંધિત દસ્તાવેજો એસ્પેનપાર્ક ઈન્ફ્રા વડોદરા પ્રાઈવેટ લિમિટેડની વેબસાઈટ www.aspensez.in પર પણ ઉપલબ્ધ છે.

સહીઃ Head- SEZ
એસ્પેનપાર્ક ઈન્ફ્રા વડોદરા પ્રાઈવેટ લિમીટેડ

પશ્ચિમ રેલવે
સ્ટોર્સ વિભાગ
પી-વે અને અન્ય વિવિધ સ્ક્રેપ માટે જુલાઈ ૨૦૨૫ દરમિયાન ઈ-હરાજી વેચાણ
ખાસ ધ્યાનઃ બધા સ્ટીલ ખરીદદારો અને રી-રોલર્સ

પી-વે સ્ક્રેપ, રેલ સ્ક્રેપ અને અન્ય વિવિધ સ્ક્રેપ સામગ્રીના નિકાલ માટે જાહેર ઈ-હરાજી નીચે આપેલા કાર્યક્રમ મુજબ **જુલાઈ ૨૦૨૫** માં યોજાશે:

પેલો રાઉન્ડ	પેલો રાઉન્ડ	પેલો રાઉન્ડ	પેલો રાઉન્ડ	પેલો રાઉન્ડ
૦૨-૦૭-૨૦૨૫	૧૬-૦૭-૨૦૨૫	રતલામ	સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-આરડીએમ.	૦૭૪૧૨૨૩૦૦૮૦ ૦૯૭૫૨૪૯૨૭૫૦
૦૩-૦૭-૨૦૨૫	૧૭-૦૭-૨૦૨૫	વડોદરા	સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-બીઆરસી	૦૨૬૫૨૬૪૧૫૯૨ ૦૯૭૨૪૦૯૧૭૫૦
૦૪-૦૭-૨૦૨૫	૧૮-૦૭-૨૦૨૫	સાબરમતી	ડેપ્યુટી ચીફ મટિરિયલ્સ મેનેજર મેનેજર-એસબીઆઈ	૦૭૯૨૭૫૦૦૦૮૦ ૦૯૭૨૪૦૯૩૭૭૪
૦૭-૦૭-૨૦૨૫	૨૧-૦૭-૨૦૨૫	મુંબઈ સેન્ટ્રલ	સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-એમએમસીટી	૦૨૨-૨૩૦૯૪૧૪૨ ૦૯૦૦૪૪૯૯૦૦૬
૦૮-૦૭-૨૦૨૫	૨૨-૦૭-૨૦૨૫	ભાવનગર	સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-બીવીપી	૦૨૭૮૨૪૪૪૩૬૦ ૦૯૭૨૪૦૯૭૭૫૦
૦૯-૦૭-૨૦૨૫	૨૩-૦૭-૨૦૨૫	અમદાવાદ	સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-એડીઆઈ	૦૭૯૨૨૨૦૫૮૮૮ ૦૯૭૨૪૦૯૩૭૫૦
૧૧-૦૭-૨૦૨૫	૨૪-૦૭-૨૦૨૫	પ્રતાપનગર	ડેપ્યુટી ચીફ મટિરિયલ્સ મેનેજર-PRTN	૦૨૬૫-૨૬૫૮૮૫૮ ૯૭૨૪૦૪૫૫૫૦
૧૪-૦૭-૨૦૨૫	૨૫-૦૭-૨૦૨૫	દાહોદ	ડેપ્યુટી ચીફ મટિરિયલ્સ મેનેજર-DHD	૦૨૬૭૩૨૪૧૨૯૫ ૦૯૭૨૪૦૯૦૪૫૫
૧૫-૦૭-૨૦૨૫	૨૮-૦૭-૨૦૨૫	મહાલક્ષ્મી	ડેપ્યુટી ચીફ મટિરિયલ્સ મેનેજર-MX	૦૨૨-૨૪૯૨૯૫૭૧ ૦૯૦૦૪૪૯૫૭૫૦
૧૫-૦૭-૨૦૨૫	૨૮-૦૭-૨૦૨૫	પારડી	ડેપ્યુટી ચીફ મટિરિયલ્સ મેનેજર-MX	૦૨૨-૨૪૯૨૯૫૭૧ ૦૯૦૦૪૪૯૫૭૫૦
૧૫-૦૭-૨૦૨૫	૩૦-૦૭-૨૦૨૫	રાજકોટ	સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-આરજેટી	૦૨૮૧૨૪૭૬૯૪૩ ૦૯૭૨૪૦૯૩૭૫૦

વિગતવાર માહિતી માટે કૃપા કરીને સંબંધિત ડેપો/વિભાગીય અધિકારીઓનો સંપર્ક કરો. **નોંધઃ- ૧)** રેલવે ઈ-ઓક્શનમાંથી કોઈપણ લોટ ઉપાડવાનો અધિકાર અનામત રાખે છે.**૨)** ઈ-ઓક્શન નિર્ધારિત સમયે શરૂ થશે.**૩)** ઈ-ઓક્શન કેટલોગ www.ireps.gov.in E-ઓક્શન પોર્ટલ પર ઉપલબ્ધ રહેશે. **૪)** ઈ-ઓક્શન, ડિજિટલ હસ્તાક્ષરો, નોંધણી પ્રક્રિયા અને ભાગીદારી અંગે કોઈપણ સહાયની જરૂર હોય, તો કૃપા કરીને ઉપરોક્ત ડેપો/વિભાગીય અધિકારીનો સંપર્ક કરો. **૫)** તમામ ચુકવણી વ્યવહારો ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા કરવામાં આવશે. **(નં.S/SIII/ઓક્શન કાર્યક્રમ-૧/જુલાઈ ૨૦૨૫, તારીખ ૦૬.૦૬.૨૦૨૫).** ૦૨૬૫

અમને લાઇક કરો : facebook.com/WesternRly • અમને ફોલો કરો : X.com/WesternRly

"Save Energy for Benefit of Self & Nation"
MGVCL

Madhya Gujarat Vij Company Ltd. (O&M) Circle Office,
Old Power House, Bhuravav Road, Godhra - 389001.
Web site: www.mgvcl.com E&P Dept-G0G:http://guj-epd.gov.in

Various Web & (n) Procure Tender Id.
S.E.(O&M), MGVCL Circle Office Godhra & Halol Division office invites Web & n-procure Tender for Erection of HT/LT Line & TC Maint., Underground cable works, & AMC for CCTV System works. (n) procure Tender documents available on **Web-site https://mgvcltender.nprocure.com** & Web tender documents available on **www.gseb.com & www.mgvcl.com** (for on line submission, view and download). Interested venders may surf the above web sites.
Note: Be in touch with our web site till opening of tender.
Superintending Engineer (O&M), MGVCL: CO: Godhra.

केनरा बैंक Canara Bank — सिंडिकेट Syndicate
રીજીયોનલ ઓફીસ - વડોદરા
કેનેરા બેંક (સિન્ડિકેટ બેંક પૂર્વે), એક્સપ્રેસસ હોટલ સામે, આર.સી.દત્ત રોડ, અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૭. ફોનઃ૦૨૬૫-૨૩૫૮૧૧૫/૨૩૧૦૫૫૫

સોનાની હરાજી વેચાણની સૂચના

નીચે જણાવેલ વ્યક્તિઓને આથી જાણ કરવામાં આવે છે કે તેઓ લોન ખાતાઓમાં બાકી લેણા ચૂકવવામાં નિષ્ફળ રહ્યા છે. રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા તેમને મોકલવામાં આવેલી નોટિસ બેંકને વિતરિત કર્યા વિના પરત કરવામાં આવી છે. આથી તેમને જવાબદારી અને અન્ય શુલ્ક ચૂકવવા અને ૦૧.૦૭.૨૦૨૫ (તારીખ) ના રોજ અથવા તે પહેલાં ગીરવે રાખેલી સિક્યોરિટીઝ/સોનાના ઘરેણાં/ઝવેરાતને રિડીમ કરવા વિનંતી કરવામાં આવે છે, જે નિષ્ફળ જાય તો બેંક દ્વારા જાહેર હરાજીમાં ઉક્ત સિક્યોરિટીઝ કિંમતે વેચવામાં આવશે. બેંકના સંપૂર્ણ વિવેકબુદ્ધિથી બેંકના પરિસરમાં બપોરે ૧૨.૦૦ થી ૦૩.૦૦ બપોર સુધી, તાઃ ૦૨.૦૭.૨૦૨૫ ના રોજ અથવા તે પછીની કોઈપણ સૂચના વિના અન્ય અનુકૂળ તારીખે હરાજી હાથ ધરવામાં આવશે.

ક્રમ નં	શાખાનું નામ	લોન ની તારીખ	કરજદાર નું નામ અને સરનામુ	બાકી રકમ (કરજદાર ની અન્ય લોન સાથે)
1.	ગોત્રી શાખા (૨૮૮૩)	10.05.2024	અર્પીતાબેન પઠાણ – A/c No: 16xxxxxxx626 અર્પીતાબેન મહંમદ અશફાકખાન પઠાણ, ૩૦૨ હીના, એવન્યુ, ગ્રીન પાર્ક બંગ્લોઝ સામે, વડોદરા, ગુજરાત –૩૯૦૦૧૨	33.20 લાખ

તારીખઃ ૧૭.૦૬.૨૦૨૫, સ્થળઃ વડોદરા નોંધઃ વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. **અધિકૃત અધિકારી, કેનેરા બેંક**

બેંક ઑફ બડૌદા Bank of Baroda
બેંક ઓફ બરોડા-બાજવા શાખા
તાલુકો – વડોદરા, જીલ્લો-વડોદરા રાજ્ય-ગુજરાત,
ફોન: ૯૬૮૭૬૮૯૧૪૫, ઈમેલ: bajwa@bankofbaroda.com
સરફેસી કાયદા હેઠળ ૧૩(૨) ની નોટીસ

**આથી નોટીસ આપવામાં આવે છે કે નીચેના કરજદાર તેમણે મેળવેલી ધિરાણ સવલતો લીધેલ જેની મૂળ રકમ અને વ્યાજ ભરવામાં કસૂર કરેલ છે અને તેમની